# વાવોલ અને ચિલોડામાંથી વિદેશી દારૂનો જથ્થો ભરેલી ત્રણ ગાડીઓ પકડાઈ

## માણસાના બિલોદરા ખાતે મકાનની ઓશરીમાંથી દારૂ-બિયર મળ્યો

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર જિલ્લામાંથી ચાર અલગ અલગ સ્થળોએ પોલીસના દરોડામાં દારૂ-બિયરનો જથ્થો ભરેલી ત્રણ ગાડીઓ અને એક મકાનની ઓશરીમાંથી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. વાવોલ ખાતે મહાકાળી માતાજીના મંદિર સામેથી એક વેન્ટો કાર સાથે બે ઝડપાયા અને ચિલોડા સર્કલેથી વહેલી સવારે એક સ્વીફટ ગાડી અને એક છોટા હાથી ટેમ્પો દારૂના જથ્થા સાથે પકડાયો હતો. જયારે માણસાના બિલોદરા ખાતે એક મકાનમાંથી પણ દારૂ-બિયરનો જથ્થો મળતા તમામ ચારેય કેસ પોલીસે દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સેકટર-૭ પી.આઈ. જે.એમ. ભરવાડ તથા તેમની ટીમે બાતમીને આધારે વાવોલ ગામની ભાગોળે સ્થિત મહાકાળી માતાજીના મંદિર સામેથી વહેલી સવારે એક જી.જે.૧૮ એ.એમ. ૩૦૨૪ નંબરની વેન્ટો ગાડી પકડી પાડી હતી. જેમાં વિદેશી દારૂ અને બિયરનો મસ મોટો જથ્થો ભરેલ હતો. કાર સહિત દારૂ-બિયરનો જથ્થો મળી કુલ રૂ. ૪.૭૩ લાખનો મુદ્દામાલ કબ્જે લઈ સે- પોલીસે અમદાવાદ દાણી લીમડા વિસ્તારના આરોપી સંદિપ ઉર્ફે વિજય ડાહ્યા મકવાણા તથા ચમનપુરાના ભાનુ જયરામ માલીની ધરપકડ કરી લીધી છે. પુછતાછમાં બહાર આવ્યું છે કે પાલનપુરના કોઈ રાજુ નામના માણસ પાસેથી માલ લાવ્યા હતા. રાજુ હાલ વોન્ટેડ છે તો બીજી તરફ વહેલી સવારે પાંચેક વાગ્યે ચિલોડા પી.આઈ. આર.જી. ભાવસાર તથા તેમની ટીમે એક સ્વિફટ ગાડી નં. જીજે ૧૮ બી.ડી. ૨૨૨૫ ચિલોડા સર્કલેથી પકડી ડુંગરપુરના બે શખ્સો જયંતિ મુલચંદ રોય અને ગટુરૂપસિંગ કોટેલની દારૂ-બિયરના મોટા જથ્થા સાથે ધરપકડ કરી લીધી હતી. ગાડીમાંથી ૧૩૨ નંગ દારૂની બોટલો અને ૧૬૮ નંગ બિયરના ટીન મળીને કુલ રૂ. ૩,૬૬,૫૦૦ના મુદ્દામાલ સાથે બે શખ્સોની ધરપકડ કરી છે તે જ અરસામાં નંબર વગરનો છોટા હાથી પણ દારૂના જથ્થા સાથે પકડાયો હતો. જેમાં ૨૦૪ નંગ વિદેશી દારૂની બોટલો હતી. જેમાં પોલીસે રૂ.૩,૮૪,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કરી ફરાર થઈ ગયેલા આરોપીઓની શોધખોળ આરંભી છે.



(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)



માણસા પી.એસ.આઈ. પી.જે. સોલંકી તથા તેમની ટીમે બાતમીને આધારે બિલોદરા ગામમાં લીંબડીવાળા વાસમાં રહેતા ચાવડા અજયસિંહ અજિતસિંહના ઘરે દરોડો પાડી તપાસ કરી હતી. ઘર બંધ હતું એટલે ઓશરીમાં તપાસ કરી તો તમાંથી પણ રૂ. ૧૨,૮૦૦નો દારૂ-બિયરનો જથ્થો મળી આવતા કાયદેસરની કાર્યવાહી હાથ ધરી આરોપીઓની શોધખોળ શરુ કરી છે.

# ભાટ-કોટેશ્વર ચોકડી પાસે સ્કૂટર પર જતા વૃદ્ધ દંપત્તિને કારચાલકે અડફેટે લીધા

## સ્કુટરચાલક વૃદ્ધ પતિનું મૃત્યુ : પત્નીની હાલત ગંભીર : આરોપી કારચાલક ફરાર

ગાંધીનગર, તા. ૨૨

અમદાવાદના નોબલનગર વિસ્તારનું એક વૃદ્ધ દંપતી સ્કુટર પર ગાંધીનગર નજીક ભાટ-કોટેશ્વર સર્કલેથી પસાર થઈ રહ્યું હતું ત્યારે બેફામ ગતિએ નીકળેલા એક કાર ચાલકે સ્કુટરને જબરદસ્ત ટક્કર મારતા સ્કુટર પર સવાર બંને પતિ-પત્ની ફંગોળાઈને રસ્તા પર પટકાયા હતા. જેમાં સ્કુટર ચાલક ૬૮ વર્ષીય વૃદ્ધનું કરુણ મૃત્યુ નીપજયું હતું જયારે વૃદ્ધાની હાલત ગંભીર જણાતા ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. અડાલજ પોલીસે કાર મુકીને ફરાર થઈ ગયેલા આરોપી કાર ચાલક સામે ગુનો દાખલ કરી તેની શોધખોળ શરુ કરી છે.

મળતી વિગતો મુજબ અમદાવાદના નોબલનગર વિસ્તારમાં સ્થિત સુદામાપાર્ક સોસાયટીમાં રહેતું એક વૃદ્ધ દંપતી સ્કુટર લઈને ગાંધીનગર-અમદાવાદ હાઈવે પર સ્થિત ભાટ-કોટેશ્વર રોડ પરથી પસાર થઈ રહ્યું હતું. ૬૮ વર્ષીય વૃદ્ધ કાકા દિનેશભાઈ પહેરવાની સ્કુટર ચલાવી રહ્યા હતા અને પાછળ તેમની પત્ની બેઠી હતી. ભાટ-કોટેશ્વર ચોકડી પાસે તેમના સ્કુટરને સડસડાટ આવતી એક કાર નં. જીજે ૧ આરબી ૭૨૫૪ ના ચાલકે જોરદાર ટક્કર મારતા સ્કુટર સાથે વૃદ્ધ પતિ-પત્ની બંને ગંભીર રીતે ઘવાયા હતા. આ અકસ્માત બાદ બંનેને ખાનગી હોસ્પિટલ લઈ જવાયા હતા જયાં વૃદ્ધ દીનેશભાઈનું કમકમાટીભર્યુ મોત નીપજયું હતું. જયારે વૃદ્ધા હાલ સારવાર હેઠળ છે. અડાલજ પોલીસે ફરાર કાર ચાલક સામે ગુનો દાખલ કરી તેની શોધખોળ શરુ કરી છે.

# વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકોના વર્ગ શિક્ષકોની તાલીમ શિબિર યોજાઈ

## વિદ્યાર્થી સાથે કેવી રીતે વર્તવુ તેના પર વિસ્તૃત છણાવટ કરવામાં આવી

ગાંધીનગર, તા. ૨૨

બી.આર.સી. ગાંધીનગર દ્વારા સાહેબની રાહબરી હેઠળ બી.આર.સી. ભવન ગાંધીનગર ખાતે તાલીમના તજજ્ઞ તરીકે તરૂણ વયના ધવલ પટેલે વિસ્તૃત માહિતી



વિશિષ્ટ જરૂરીયાત ધરાવતા બાળકોના વર્ગ શિક્ષકોનો તાલીમ શિબિર યોજાઈ હતો. કાર્યક્રમમાં વર્ગ શિક્ષકે બાળકો સાથે વર્ગ ખંડમાં કેવી રીતે કામ કરવું તેની માહિતી આપવામાં આવી હતી.

સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત જિલ્લા પ્રોજેક્ટ કો.ઓર્ડિનેટર રાઠોડ વિશિષ્ટ જરૂરીયાત ધરાવતા બાળકોના વર્ગ શિક્ષકોને તાલીમ આપવાનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં વર્ગખંડમાં શિક્ષકે વિશિષ્ટ બાળક સાથે કેવી રીતે કામ કરવુ તેમજ તણાવમુક્ત જીવનશૈલીમાં યાદ શક્તિને કેવી રીતે વધારવી તેની માહિતી આપવામાં આવી હતી. પુરી પાડી હતી. આ માહિતી પ્રોજેક્ટર દ્વારા લાઈવ આપવામાં આવી હતી. તેમજ ધ્યાનથી થતા ફાયદાની વિશેષ માહિતી પુરી પાડવામાં આવી હતી. કાર્યક્રમમાં જિલ્લા એમ.આઈ.એસ. જિજ્ઞેશ દવે, જિલ્લા આઈ.ઈ.ડી. ઉષ્માબેન અમીન સહિત શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.

# વરસાદ આવતો નથીને બિયારણના ભાવો આસમાને

## આ વર્ષે દેશી ગવાર, દિવેલા, જુવાર અને શાકભાજીનું વધુ વાવેતર : બિયારણ બજારમાં પણ નથી ને બિજ નિગમમાં પણ નથી

ચિલોડા, તા. ૨૨

અષાઢી વાદળો આસમાનમાં સંતાકુકડી રમી રહ્યા છે એક તરફ ખેડૂતો ખેતરમાં વાવણી કરી રહ્યા છે જયારે બીજી તરફ વરસાદની પરિસ્થિતિ જોઈને કાળા બજારીયાઓએ બિયારણનો સ્ટોક બજારમાંથી ગુમ કરી દેતા ભાવ આસમાને પહોંચ્યા છે. ખેડૂતો એક હાથમાં પૈસા અને બીજા હાથમાં થેલી લઈને બિયારણ ખરીદવા નીકળે છે પરંતુ કયાંયથીય બિયારણ મળતુ નથી. નવાઈની વાત તો એ છે કે ગાંધીનગરનાં બિજ નિગમમાં પણ બિયારણની અછત વર્તાઈ રહી છે અને ખેડૂતોને ધરમધક્કા પડી રહ્યા છે.

જુલાઈનો અંત આવવાનો થયો હોવા છતાં હજુ સુધી વાવણી લાયક વરસાદ થયો નથી આ વખતે ઓછા વરસાદના કારણે ચિલોડા પંથકમાં ખેડૂતોએ દેશી ગવાર, દિવેલા અને જુવારનું વાવેતર કરી રહ્યા છે. થોડા ઘણા ખેડૂતોએ કપાસનું વાવેતર કરવાનું સાહસ કર્યુ હતું પરંતુ તેમાં પણ રોગોનો ઉપદ્રવ વધતા તેમજ પાણીની ખેંચના કારણે આ વર્ષે કપાસનું વાવેતર ઘટી જવા પામ્યું છે. જો કે હાલ ખેડૂતોને બિયારણના ભાવ આસમાને પહોંચવાથી બેવડો માર વેઠવાનો વારો આવ્યો છે. બજારમાં હાલ જુવારના બિયારણના ભાવ એક મણના ૭૦૦ રૂપિયાથી વધુ થઈ ગયો છે જયારે દિવેલા ૭૦ રૂપિયે કિલો અને ગવાર ૧૦૦ રૂપિયે કિલોનો ભાવ પાર કરી ચુકયા છે. આશ્ચર્યજનક વાત તો એવી છે કે આટલા બધા ઉંચા ભાવ ચુકવવા છતાં ખેડૂતોને હાલ બજારમાંથી બિયારણ નથી મળી રહ્યું. અત્યારની પરિસ્થિતિ જોતા કાળા બજારીયાઓએ બજારમાંથી બિયારણ અદ્રશ્ય કરી દીધેલું જણાય છે.

બીજી તરફ બિજ નિગમમાં પણ આ બિયારણનો સ્ટોક ના હોવાથી કિસાનોની સ્થિતિ વધુ કફોડી બની છે. આ સંજોગોમાં તંત્ર દ્વારા સત્વરે પગલાં લેવાય તેવી માંગ ઉઠવા પામી છે. હવે ચોમાસાના બાકીના દિવસોમાં જો વરસાદ સારો થાય તો આ મોંઘા ભાવનું બિયારણ ખપમાં આવે તેમ છે. આ વર્ષે ખેડૂતો જુવાર-દિવેલા અને ગવાર ઉપરાંત શાકભાજી અને લીલા ઘાસચારાને પ્રાધાન્ય આપી રહ્યા છે ત્યારે નહીવત વરસાદમાં જમીનમાં ભેજ કેટલો ટકે છે તે સવાલ પણ તેમને સતાવી રહ્યો છે.

# હમસે હે જમાના... જેસીઆઈ વુમન એમ્પાવર માટે ટ્રેનિંગ સેશન યોજે છે

ગાંધીનગર, તા. ૨૨

ઘર પરિવાર માટે ઘડિયાળના કાંટે સતત કામ કરતી મહિલાઓને રિફ્રેશમેન્ટ અને ટ્રેસફ્રી કરવા યંગ જનરેશન અને વિચાર ધરાવતી જેસીઆઈ ગાંધીનગર એક એકદમ હટકે એવો 'હમસે હે જમાના' કાર્યક્રમ રવિવાર દિનાંક ૭ના રોજ સવારે ૯ થી સંપૂર્ણ દિવસ વુમનને ડેડિકેટ કરવાં સુનિશ્ચિત કર્યો છે. કલ્પવૃક્ષ લર્નીંગ સેન્ટર સે-૨૫ જીઆઈડીસી ખાતે આ કાર્યક્રમ યોજાશે.

મહિલાઓને મોટીવેટ કરવાનાં પ્રોજેક્ટ ચેરમેન જેસી દિપીકા મહેતા કે જેઓ ઝોન ડાયરેકટર જેસીરેટ વિંગના છે એમણે જોરદાર તૈયારી કરી છે. કાર્યક્રમના ઉદઘાટન પ્રસંગે જેસી અશ્વિન ચંદારાણા આવશે જયારે નેશનલ ટ્રેઈનર પ્રજ્ઞા મહેતા ફેકલ્ટી તરીકે સેવા આપવાનાં છે. ગાંધીનગર જેસીઆઈના તરવરાટ ભર્યા પ્રમુખ સાત્વિક ત્રિવેદીએ યજમાન પદ સ્વિકાર્યુ છે.

વુમન એમ્પાવર માટે જેસીઆરટી મિતાલી ત્રિવેદી ખુબ ઉત્સાહી છે અને એમણે આ ટ્રેનીંગ સાથો સાથ રાખડી મેકીંગ સ્પર્ધા પણ રાખી છે. કઠોળ, ચોકલેટ કે રંગોલીના કલરનો ઉપયોગ કરી કલાત્મક રાખડી બનાવશે એમાંથી વિજેતાઓને આકર્ષક ગિફ્ટ હેમ્પર પણ અપાશે. વધુ માહિતી માટે મિતાલી ત્રિવેદી-૯૯૨૪૦૩૦૦૬૬ અને જેસીઆય મંત્રી કેતન ભાવસાર-૭૭૭૭૯૪૮૧૨૯૫૨ સંપર્ક કરવા નિકુંજ શુકલા દ્વારા જણાવાયું છે. મહિલાઓ માટેના આ સ્પેશિયલ કાર્યક્રમમાં વધુમાં વધુ મહિલા જોડાય એની અપીલ સક્રિય કાર્યકર મંત્રી કેતન ભાવસારે કરી છે.



## બ્રહ્માકુમારીઝ દ્વારા નવા પદાધિકારીઓનું અભિવાદન કરાયું

ગાંધીનગરમાં આવેલ પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય દ્વારા નવા નિમાયેલા કલેક્ટર રવિશંકર, કમિશનર જી.આર. ચૌધરી અને ડેપ્યુટી કમિશનર પ્રદિપસિંહ રાઠોડનું પુષ્પગુચ્છ આપી સ્વાગત કરવામાં આવ્યું હતું. આ તમામ પદાધિકારીઓને બ્રહ્માકુમારીઝના કૈલાશદીદી દ્વારા તેમજ ચિલોડા કેન્દ્રના તારાદીદી દ્વારા માઉન્ટ આબુ ખાતે આવેલ જ્ઞાન સરોવર ખાતે યોજાનાર કોન્ફરન્સમાં આવવાનું નિમંત્રણ પાઠવ્યું હતું. ગાંધીનગરના તાજેતરમાં નવા કલેક્ટર તરીકે રવિશંકર નિયુક્તી પામ્યા છે. આ ઉપરાંત કમિશનર પદે જી.આર. ચૌધરી અને ડેપ્યુટી કમિશનર પદે પ્રદિપસિંહ રાઠોડની નિયુક્તી કરવામાં આવી છે. પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયના ગાંધીનગર એકમના સંચાલિકા કૈલાસદીદી તેમજ ચિલોડા ખાતેના બ્રહ્માકુમારીઝ કેન્દ્રના તારાદીદી દ્વારા આ તમામ પદાધિકારીઓને પુષ્પગુચ્છ આપી અભિવાદન કરવામાં આવ્યું હતું. આ તમામ પદાધિકારીઓને સ્ટાફ સહિત સંસ્થા તરફથી માઉન્ટ આબુના જ્ઞાન સરોવર ખાતે યોજાનાર કોન્ફરન્સમાં ઉપસ્થિત રહેવા આમંત્રણ પણ આપવામાં આવ્યું હતું.



## થેલેસેમિયા નાથવા જાગૃતિ

વકરતા થેલેસેમિયા રોગને નાથવા માટે એલ.ડી.આર.પી. કોલેજમાં એન.એસ.એસ. વિદ્યાર્થીઓ દ્વારા ત્રિદિવસીય થેલેસેમિયા જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં ગાંધીનગર રેડક્રોસ સોસાયટીના સુકેતુ મહેતાએ થેલેસેમિયા વિશે માહિતી આપી હતી. જાગૃતિ કાર્યક્રમમાં ૧૦૩૩ વિદ્યાર્થીઓએ ભાગ લઈ થેલેસેમિયાનું ટેસ્ટીંગ કરાવ્યું હતું. આ કાર્યક્રમ દ્વારા જાગૃતિ લાવવા માટે આચાર્યા ડૉ. ગાર્ગી રાજપરા, સુકેતુ મહેતા, એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર નોરીન જે. વૈયનો અને વિદ્યાર્થીઓનો આભાર વ્યક્ત કર્યો છે.

# નેક-રિએક્રિડેશન ન કરાવવા બદલ યુનિ.એ ગ્રાન્ટ ગુમાવી

યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન દ્વારા દેશની વિવિધ યુનિવર્સિટીઓને અલગ-અલગ વિકાસ પ્રોજેક્ટો માટે ગ્રાન્ટ ફાળવવામાં આવે છે પરંતુ ગુજરાત યુનિવર્સિટીના તંત્રવાહકોની લાપરવાહીના કારણે ગુજરાત યુનિવર્સિટીએ યુજીસી તરફથી મળતી રૂા. ૨૦ કરોડની ગ્રાન્ટ ગુમાવવાનો વારો આવ્યો છે. યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશનના નિયમ મુજબ યુનિવર્સિટીને પુરતી ગ્રાન્ટ મેળવવા માટે નેક-એક્રેડેશન મેળવવું ફરજીયાત છે પરંતુ ગુજરાત યુનિવર્સિટીને મળેલ નેક-એક્રિડેશનની મુદત પુરી થયે બે વર્ષ કરતાં પણ વધુ સમય વિતી ચુક્યો છે. પરંતુ યુનિવર્સિટીના તંત્ર વાહકોની નિષ્કાળજી કહો કે લાપરવાહી હજી સુધી નેક-રિએક્રીડેશન મેળવવામાં આવ્યું નથી. જેના કારણે યુજીસી દ્વારા ગુજરાત યુનિવર્સિટીને મળતી ગ્રાન્ટમાંથી રૂા. ૨૦ કરોડની રકમ અટકાવી દેવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે ગુજરાત યુનિવર્સિટીના તત્કાલીન કુલપતિ પરીમલ ત્રિવેદીના સમયમાં નેશનલ એસેસમેન્ટ એન્ડ એક્રીડેશન કાઉન્સીલ દ્વારા બી પ્લસ પ્લસનો ગ્રેડ આપવામાં આવ્યો હતો. આ એક્રીડેશનની સમયમર્યાદા માર્ચ-૨૦૧૨માં પૂર્ણ થઈ ચુકી છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૭
સૂર્યાસ્ત : ૭.૨૪

## તાપમાન

મહત્તમ : ૩૫.૫ ડિ.સે.
લઘુત્તમ : ૨૭.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૮૧ ટકા ● સાંજે ૫૨ ટકા

## મનોરંજન

### સીટી પલ્સ

: સ્ક્રીન-૧ :
હંપટી શર્મા કી દુલ્હનીયાં : ૬.૪૫, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
હંપટી શર્મા કી દુલ્હનીયાં : ૧૨.૪૫, ૩.૩૦
હેટ સ્ટોરી ૨ : ૭.૦૦, ૧૦.૧૫
: સ્ક્રીન-૩ :
પિઝા (૩ડી) : ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
સ્ક્રીન-૪ :
હંપટી શર્મા કી દુલ્હનીયાં : ૧૦.૦૦
અમીત સાહની કી લીસ્ટ : ૧૨.૩૦, ૨.૪૫
રિયાસત : ૫.૦૦
લાઈ ભારી (મરાઠી) : ૭.૦૦, ૧૦.૦૦
એક વિલન : ૧૦.૦૦
: સ્ક્રીન-૫ :
એક વિલન : ૬.૪૫
અમીત સાહની કી લીસ્ટ : ૧૦.૦૦
હેટ સ્ટોરી-૨ : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
ડાઉન ઓફ ધી પ્લાન્ટ ઓધ ધી એપસ (૩ડી) (અંગ્રેજી) : ૧૦.૦૦, ૪.૪૫, ૭.૪૦, ૧૦.૩૫
ટ્રાન્સફોર્મર (૩-ડી) હિન્દી : ૧.૨૫
: સ્ક્રીન-૨ :
હંપટી શર્મા કી દુલ્હનીયાં : ૮.૩૦ (સવારે), ૮.૩૦ (સાંજે)
એક વિલન : ૧૧.૩૦, ૫.૪૫
સાથીયો ચલો ખોડલધામ (ગુજ.) ૨.૨૫
: સ્ક્રીન-૩ :
હંપટી શર્મા કી દુલ્હનીયાં : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૪ :
હંપટી શર્મા કી દુલ્હનીયાં : ૯.૩૦, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
હેટ સ્ટોરી-૨ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
હંપટી શર્મા કી દુલ્હનીયાં : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
સ્ક્રીન-૨ :
અમીત સાહની કી લીસ્ટ : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

### ધાર્મિક કાર્યક્રમ

- અષાઢ વદ બારસ, તા. ૨૩-૭-૨૦૧૪, બુધના રોજ કલાત્મક હિંડોળા, શ્રીજી શ્રીગોવર્ધનનાથજીની હવેલી, સેક્ટર-૨૧, ગાંધીનગર.

## આપની આજ

**મેષ** : નવા સંબંધ બનશે. વ્યાપાર- વ્યવસાયક્ષેત્રમાં આવનારા તનાવ અને વિઘ્નો સમાપ્ત થવાના યોગ બની રહ્યા છે. જોખમી કામોમાં સાવચેતી રાખવી.

**વૃષભ** : પ્રયત્ન અને પરિશ્રમનું યોગ્ય ફળ પ્રાપ્ત મળી શકશે. માન-સન્માનમાં યશ-વૃદ્ધિ થશે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. જીવનસાથીનો સહયોગ કાર્યોમાં મળી રહેશે.

**મિથુન** : સામાજિક ક્ષેત્રોથી લાભ. આપ ભાગ્ય કરતાં કર્મ પર વધુ વિશ્વાસ કરી કાર્ય કરતા રહો. રાજયપક્ષનાં કાર્યોમાં સફળતા મળવાની સંભાવનાઓ રહેલી છે.

**કર્ક** : સામાજિક ક્ષેત્રોમાં સફળતાનો યોગ.કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં પૂરતી સફળતા પ્રાપ્ત થઈ શકશે. આરોગ્ય સંબંધી ચિંતાનું સમાધાન થશે. ઈચ્છાઓની પૂર્તિ થઈ શકે છે.

**સિંહ** : સાહસનો લાભ મળી શકશે. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે. સંતાનના આરોગ્ય સંબંધીત ચિંતાઓનું નિકારણ આવશે.

**કન્યા** : જૂના સંબંધોમાં યશની વૃદ્ધિ થશે. વેપારમાં કાર્યક્ષેત્રનો વિકાસ અને વ્યાપારિક મુશ્કેલીઓ દૂર થશે .આવક કરતાં ખર્ચ ન વધે તેની તકેદારી રાખવી. આર્થિક તંગીની આશંકા છે.

**તુલા** : માનસિક ત્રાસદીથી બચવું. આવકના સ્ત્રોતોથી વિશેષ લાભ થવાની સંભાવના છે.અટકેલા નાણાં પ્રાપ્ત થવાથી હર્ષ થશે. કૌટુંબિક ચિંતા દૂર થશે. વ્યવસાયિક સ્થિતિ સારી રહેવાની સંભાવના છે.

**વૃશ્ચિક** : મતભેદોથી દૂર રહીને શાંતિથી કાર્ય કરવું. પ્રગતિવર્ધક સમાચાર મળી શકે છે. સંતાનની ઉન્નતિ પ્રસન્નતા આપશે. પૂર્વમાં કરવામાં આવેલા કાર્યોનું ફળ મળી શકશે. જૂના સંબંધો વધુ મજબૂત થશે.

**ધન** : વિચારેલું કાર્ય સમય પર થશે. અટવાયેલા અને અધુરા રહેલા કાર્ય પૂર્ણ થવાથી ઉત્સાહ અને પ્રસન્નતા વધશે. મિત્રોના સહયોગથી અનુકૂળતા વધશે અને દિવસ પ્રસન્નતાથી પસાર થશે.

**મકર** : વિશેષ ઉન્નતિકારક યોગોને કારણે મન પ્રસન્ન રહેશે. જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થસે. મહત્વપૂર્ણ કાર્યો પર ખર્ચ થઈ શકે છે. લાભ મળવાના પણ યોગ બની રહ્યા છે. કુટુંબમાં માંગલિક કાર્યનો યોગ.

**કુંભ** : નવા આર્થિક સાધનો પર કાર્ય થઈ શકશે. વ્યાપારમાં મુશ્કેલીઓ વધે નહી તેની કાળજી રાખવી. ધાર્મિક યાત્રાઓ થઈ શકે છે. વ્યાપારમાં ભાગ્યવર્ધક સફળતા મળી શકે છે.

**મીન** : સામાજિક કાર્યોમાં સન્માન પ્રાપ્ત થશે. ઉદાર મન અને ક્ષમાવાન વ્યવહારથી લાભ થશે. સંબંધીઓથી મતભેદ થવાની શકયતા છે. વાદ-વિવાદથી દુર રહેવું.

## ચિરવિદાય

- સ્વ. પરસોત્તમભાઈ પૂનાભાઈ (ઉ.વ.૬૪) મુ. બોરીજ, તા.જી. ગાંધીનગર.
- લઘુભાઈ મોતીભાઈ વાઘેલા (ઉ.વ.૬૭) બ્લોક નં. ૧૪/૧, છ-ટાઈપ, સેક્ટર-૧૨, ગાંધીનગર